Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૦–૧૧–૨૦૧૬**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૧૦–૧૧–૨૦૧૬ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : <u>કાર્યવાહી</u> :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૦–૧૧–૨૦૧૬ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | ગેરહાજર |

૧. સિન્ડિકેટની તા.૧૮–૧૦–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૮–૧૦–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવી.**

૨. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તા.૧૬/૦૬/૨૦૧૬, પત્રાંક:કવટ/આઈ એસ.સી-૮/ ભરતી/ ૨૦૧૬/ ૧૯૬૭૯/ ૧૯૭૧૧ ઠરાવ મુજબ યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત કોલેજનાં આચાર્યની નિમણુંક તથા કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફનાં **UGC-CAS** અંતર્ગત બઢતી માટે તેઓના **API** ચકાસણી યુનિવર્સિટીનાં **IQA Cell** માં કરવાની રહે છે. જે સંદર્ભે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના શૈક્ષણિક કર્મચારીઓ સદર **API** ની ચકાસણી કરી રહ્યા છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ તથા સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિધાનગર દ્વારા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની **CAS** અંતર્ગત બઢતી માટે **API** ની ચકાસણી માટે પ્રોસસીંગ ફી નિયત કરવામાં આવેલ છે. જે અંતર્ગત આપણી યુનિવર્સિટી ખાતે પણ પ્રોસેસિંગ ફી નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(IQA Cell)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ઉમેદવાર દીઠ રૂ.૨૦૦૦/– પ્રોસેસીંગ ફી લેવી. જેમાંથી રૂ.૧૦૦૦/– યુનિવર્સિટી પ્રોસેસીંગ ફી તરીકે રાખવી તથા બાકીના રૂ.૧૦૦૦/– APIની ગણતરી/ ચકાસણી કરનાર શિક્ષકોને સરખે ભાગે વહેંચવી.**

૩. તા.૦૬–૦૮–૨૦૧૬ની નાણાં સમિતિની બાબત ક્રમાંક:૬થી યુનિવર્સિટીનાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓનાં પ્રોવિડન્ટફંડ માટે NPS Scheme લાગુ પાડવા માટે આર્થિક ભારણ અંગેનું પત્રક બનાવી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરવા જણાવેલ હતું. જેના અનુસંધાનમાં વિવિધ વિભાગો પાસેથી મેળવેલ માહિતીને આધારે તૈયાર કરેલ આર્થિક ભારણ અંગેનું પત્રક આ સાથે સામેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૬–૦૮–૨૦૧૬ની નાણાં સમિતિની બાબત ક્રમાંક:૬થી યુનિવર્સિટીનાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતાં જે તે શૈક્ષણિક કર્મચારીઓને રેગ્યૂલર શિક્ષકની જેમ જ ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા વર્ષથી બેઝિકના ૧૦% યુનિવર્સિટી ફાળો ઉમેરીને નિયમાનુસાર NPS Scheme લાગુ પાડવી. (પ્રથમ ત્રણ વર્ષ માટે લાગુ નહીં.)**

**વધુમાં, ઠરાવવામાં આવે છે કે, આ યોજના ૦૧ જાન્યુઆરી, ૨૦૧૭થી લાગુ કરવી. ૦૧ જાન્યુઆરી, ૨૦૧૭ અગાઉના લાભો મળવાપાત્ર રહેશે નહીં.**

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે યુનિવર્સિટીએ અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવવાની મંજૂરી આપેલ કોલેજો / ઈન્સ્ટીટયૂટોને સ્થાનિક તપાસ સમિતિની શરતોનું યર્થાથ પરિપાલન કરવા જાણ કરવામાં આવેલ હતી. તે પૈકી નીચે દર્શાવેલ કોલેજો / ઈન્સ્ટીટયૂટે સ્થાનિક તપાસ સમિતિની શરતોનું યર્થાથ પરિપાલન કરવામાં આવ્યું છે તે અંગેનો અહેવાલ રજૂ કરેલ છે, જે સ્વીકારવા વિચારણા કરવા અંગે.

**College : Sir K.P. College of Commerce, Surat**
**Course : P.G.Diploma in Tax Management**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) વિદ્યાર્થીઓની છેલ્લા ૩ વર્ષની સંખ્યા જોતા આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ મળી રહે તે માટે પ્રયત્નો કરવા. | વિદ્યાર્થીઓની સંખ્યા મળી રહે તે માટે સમાચાર પત્રકમાં જાહેરાત આપવામાં આવી હતી. |
| (૨) યુનિવર્સિટી ઓર્ડિનન્સ 69 A & B નો અમલ કરવો. | યુનિવર્સિટી ઓર્ડિનન્સના પરિપત્રોનું પાલન કરવામાં આવે છે. |
| | નિયમિત ફેકલ્ટીનો પ્રશ્ન નથી કારણ કે અઠવાડિયામાં બે દિવસ શનિ અને રવિ દરમિયાન આ અભ્યાસક્રમ પાર્ટ ટાઈમ માટે ચાલે છે. |
| | સિન્ડિકેટ રચિત સમિતિના જણાવ્યા મુજબ પ્રવેશ આપવામાં આવેલ છે. |

**College : Bhagwan Mahavir College of Education, Bharthana, Surat**
**Course : M.Ed.**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) શ્રી મોહનભાઈ પટેલ (એમ.એડ. સ્ટાફ) ન હાજર કરવા બાબતે સંસ્થાનો ખુલાસાનો પત્ર સામેલ છે. | શ્રી મોહનભાઈ પટેલ (એમ.એડ. સ્ટાફ) ન હાજર કરવા બાબતે સંસ્થાનો ખુલાસાનો પત્ર સામેલ છે. |
| (૨) એમ.એડ. આગામી વર્ષમાં વિદ્યાર્થીઓનાં પ્રવેશનાં અનુસંધાને ઘટતા સ્ટાફની ભરતી કરવી. | એમ.એડ. અભ્યાસક્રમમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં એકપણ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સેન્ટ્રલાઈઝડ કમિટિ તરફથી પ્રવેશ મળ્યો નથી. |
| (૩) સ્ટાફને NET / SLET / Ph.D. માટે પ્રોત્સાહિત કરવા. | સ્ટાફને NET / SLET / Ph.D. માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| (૪) બદલાયેલા અભ્યાસક્રમ મુજબ પુસ્તકો ખરીદવા. | બદલાયેલા અભ્યાસક્રમ મુજબ પુસ્તકો ખરીદવાની કાર્યાવહી ચાલે છે. |
| (૫) ગુજરાત સરકાર માંથી જાહેરનામું મેળવવા કાર્યાવહી કરવી. | ગુજરાત સરકાર માંથી જાહેરનામું મેળવવા કાર્યાવહી ચાલે છે. |
| (૬) 69 A, 69 B નું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. | 69 A, 69 B નું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. |

**College : Bhagwan Mahavir College of Science & Technology,**

**Bharthana, Surat**

**Course : M.Sc. Biotechnology *(5 years integrated)***

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) M.Sc. Biotechnology લાયકાત ધરાવતા University & UGC ના નિયમ મુજબ 02-Asst. Prof. ની નિમણૂંક કરવી. | M.Sc. Biotechnology ની લાયકાત ધરાવતાના બે આસી. પ્રોફેસરની નિમણૂંક કરવામાં આવેલ છે. |
| (૨) Orbitar Shaker with Incubator - 01 ખરીદવું અતિ આવશ્યક છે. | Orbitar Shaker with Incubator - 01 ખરીદવાની કાર્યવાહી ચાલે છે. |
| (૩) M.Sc. Biotechnology વિષયને ધ્યાનમાં રાખી રૂા.૫૦,૦૦૦/– ની બુકની ખરીદી કરવી આવશ્યક છે. | M.Sc. Biotechnology વિષયને ધ્યાનમાં રાખી રૂા.૫૦,૦૦૦/– ની બુકની ખરીદી માટે ઓર્ડર આપવમાં આવે છે. |
| (૪) યુનિવર્સિટીને ચૂકવવાની થતી બંને સત્રની તમામ ફી સમયસર ચૂકવવાની રહેશે. | યુનિવર્સિટીને ચૂકવવાની થતી બંને સત્રની તમામ ફી સમયસર ચૂકવવામાં આવે છે. |
| (૫) યુનિવર્સિટીને ચૂકવવાની થતી વર્ષ ૨૦૧૫–૧૬ સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ ડેવલપમેન્ટ ફી દિન –૨ માં ચૂકવવી. | યુનિવર્સિટીને ચૂકવવાની થતી વર્ષ ૨૦૧૫–૧૬ સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ ડેવલપમેન્ટ ફી તા.૨૯–૪–૨૦૧૬ ના રોજ યુનિવર્સિટી ઓફિસમાં જમા કરાવવામાં આવી છે. |
| (૬) સંસ્થામાં કાર્યરત શૈક્ષણિક કર્મચારીઓને UGC નિયમ મુજબ સ્ટાફને ઓરિએન્ટેશન / રીફ્રેશર કોર્ષ માટે પ્રોત્સાહિત કરવા. | સંસ્થામાં કાર્યરત શૈક્ષણિક કર્મચારીઓને UGC નિયમ મુજબ સ્ટાફને ઓરિએન્ટેશન / રીફ્રેશર કોર્ષ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| (૭) પી.એફ., ગ્રેજયુટી, પેન્શન વગેરે જેવા મળવાપાત્ર જોગવાઈઓની વ્યવસ્થા કરવી. | પી.એફ., ગ્રેજયુટી, પેન્શન વગેરે જેવા મળવાપાત્ર જોગવાઈ કરવામાં આવે છે. |
| (૮) ઓર્ડિનન્સ ૬૯–એ તથા ૬૯–બી નું પાલન કરવું. | ઓર્ડિનન્સ ૬૯–એ તથા ૬૯–બી નું પાલન કરવામાં આવે છે. |

**College : Naranlala College of Professional & Applied Sciences, Navsari**

**Course : M.Sc. Microbiology**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી. | દરેક શૈક્ષણિક વર્ષ દરમિયાન કાયમી આચાર્યની નિમણૂંક માટેના પ્રયત્નો સંસ્થા દ્વારા કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન બે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ સરકારશ્રી, યુનિવર્સિટી તથા યુ.જી.સી. નાં ધારાધોરણો અનુસારની લાયકાત અને પાત્રતા ધરાવતા એક પણ ઉમેદવારની અરજી પ્રાપ્ત થઈ નથી. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પુનઃ જાહેરાત આપીશું. |
| (૨) ત્રણ અધ્યાપકો (B.Sc. અને M.Sc.) | ત્રણ નવા અધ્યાપકો તથા બે કરાર |

| | |
|---|---|
| ની નિમણૂંક કરવી. (જાહેરાત મુજબ) | આધારિત અધ્યાપકોની ફરી નિમણૂંક કરી છે. આમ કુલ પાંચ અધ્યાપકોની નિમણૂંક કરેલ છે. |
| (૩) જરૂરિયાત પ્રમાણે માઈક્રોસ્કોપ, રેફ્રીજરેટર તથા અન્ય જરૂરી સાધન સામગ્રીની ખરીદી કરવી. | જરૂરિયાત પ્રમાણે માઈક્રોસ્કોપ, રેફ્રીજરેટર તથા અન્ય જરૂરી સાધન સામગ્રી મંગાવવામાં આવેલ છે. |
| (૪) વિષયો પ્રમાણે પુસ્તકો અને સામાયિકોની ખરીદી કરવી. | વિષયો પ્રમાણે પુસ્તકો અને સામાયિકોની ખરીદી કરવામાં આવેલ છે. |
| (૫) ઓર્ડિનન્સ 69-A અને 69-B સંપૂર્ણપણે પાલન કરવું. | ઓર્ડિનન્સ 69-A અને 69-B સંપૂર્ણપણે પાલન થાય છે. |

**College : Sheth P.T. Mahila College of Arts & Home Science, Surat**

**Course : (1) P.G. Diploma in Dietetics (2) P.G. Diploma in Early Childhood Education (3) P.G. Diploma in Management of Learning Disability (4) P.G. Diploma in Food Service and Event Management**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) દરેક કોર્ષમાં યુનિવર્સિટીના નિયમાનુસાર એક ફેકલ્ટીની નિમણૂંક કરવી. | અમારા પત્રક્રમાંક : 2016/SF/VNSGU/57 dt.30/08/2016 થી દરેક કોર્ષમાં યુનિવર્સિટીના નિયમાનુસાર એક ફેકલ્ટીની નિમણૂંક કરી છે. |
| (૨) જે તે સ્વનિર્ભર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમના ફી નું ધોરણ યુનિવર્સિટી પાસે મંજૂર કરવાનું રહેશે. | સ્વનિર્ભર અનુસ્નાતક ડિપ્લોમા હોમસાયન્સના અભ્યાસક્રમોના ફી ની મંજૂરી યુનિવર્સિટી તરફથી પત્રક્રમાંક:પીજી/પ્રવેશ/૮૪૮૦/૨૦૧૬ તા.૧૦–૬–૨૦૧૬ અમને મળી છે. |
| (૩) પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટીના ધારાધોરણો પ્રમાણે યુનિવર્સિટીની મંજૂરી લઈ કરવાની રહેશે. | પ્રવેશ પ્રક્રિયા માટે અનુસ્નાતકના વિવિધ અભ્યાસક્રમોના મેરીટ યાદી મંજૂરી માટે અમારા પત્રક્રમાંક : 2016/SF/VNSGU/22 dt.2/09/2016 થી યુનિવર્સિટીને મોકલાવી છે. |

**College : Sarvajanik College of Performing Arts, Surat**

**Course : M.A. Performing Arts**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) સંગીત, નૃત્ય અને નાટય માટે વિવિધ સેમીનાર્સ વર્કશોપ્સનું આયોજન થાય એ હિતાવહ છે. રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતોને બોલાવી આ આયોજન થવું જોઈએ. | સંગીત, નૃત્ય અને નાટય માટે વિવિધ સેમીનાર્સ વર્કશોપ, ઈન્ટર એકટીવીટી સેશન દર મહિને કરવામાં આવે છે. |
| (૨) વિદ્યાર્થીઓ અને શિક્ષકો રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ રીસર્ચ પેપર્સ રજૂ કરે એ આવકારદાયક છે. | નૃત્ય, નાટય અને સંગીતના વિદ્યાર્થીઓ સમયાંતરે રાજય સ્તરના કાર્યક્રમમાં ભાગ લે છે અને વિજેતા ક્રમાંક મેળવે છે. |
| (૩) ઓડીટોરીયમ અભિનયક્ષમ અને સુવિધાયુકત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા |

| | |
|---|---|
| વુડન ફ્લોરીંગના મંચ સાથેનું બને તે માટેની વ્યવસ્થા કરવી, ગ્રીન રૂમ્સ તૈયાર કરવા. | ઓડીટોરીયમ અભિનયક્ષમ અને સુવિધાયુક્ત બનાવવા માટે કામગીરી શરૂ કરેલ છે જેમાં ગ્રીન રૂમ માટે પણ મંજૂરી લેવામાં આવેલ છે. |
| (૪) સંગીત, નૃત્ય અને નાટક માટે પી.જી. કોર્સને અનુરૂપ સાઉન્ડ, લાઈટસ, વિવિશ વાદ્યો, નૃત્ય માટે વુડન ફ્લોરીંગ વાળા કલાસરૂમની વ્યવસ્થા કરવી. આ વ્યવસ્થા માટે શ્રી શિવરાવ આર. ની સલાહ સૂચના લેવી. | સંગીત અને નાટય વિભાગ માટે સાઉન્ડ અને લાઈટસ તેમજ જરૂર મુજબના વાદ્યો ઉપલબ્ધ છે અને નૃત્ય વિભાગ મો શ્રી શિવરાવ આર. ની સલાહ લેવામાં આવી છે. |
| (૫) સંગીતમાં વાદ્ય વિભાગ શરૂ કરવાની ભલામણ છે. | તબલા ઈન ડીપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવેલ છે અને હારમોનિયમ કલાસ શરૂ કરવાની મંજૂરી લેવામાં આવી છે. |
| (૬) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પ્રેકટીકલ પરીક્ષાઓ લેવા માટે તથા પેપર સેટ કરવાના અને તપાસવાનો પુરસ્કાર આજ સુધી સ્કોપા કોલેજના શિક્ષકગણને મળતો નથી. તો આજની સ્થાનિક તપાસ સમિતિ તે અંગે ઘટતું કરવાની યુનિવર્સિટીને વિનંતી કરે છે. | પ્રેકટીકલ પરીક્ષાઓના બીલ યુનિવર્સિટી મોકલવાની કામગીરી શરૂ છે જેમાં પારિતોષિક મળતાની સાથે જ આવનાર કમિટીમાં તેની જાણ કરવામાં આવશે. |

**College : Sir P.T. Sarvajanik College of Science, Surat**
**Course : M.Sc.-Physics**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) લેબોરેટરી આસી. ની નિમણૂંક કરવી.<br>(૨) જરૂરી સાધનો સત્વરે વસાવવા. | શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન અમારી કોલેજમાં ચાલતા એમ.એસસી. ફીઝીકસની જોડાણોની તમામ શરતોનું પાલન થયેલ છે. |

**College : Dolat Usha Institute of Applied Sciences and Dhiru Sarla Institute of Management and Commerce, Valsad**
**Course : PGDMLT**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) મોંઘવારી ભથ્થું વધારવામાં આવે | મોંઘવારી ભથ્થું વધારવામાં આવ્યું છે. |
| (૨) યુનિવર્સિટી દ્વારા મૂકવામાં આવતી અન્ય શરતો. | યુનિવર્સિટી અન્ય જે કોઈ શરતો મુકે તે પરિપૂર્ણ કરવામાં આવશે. |

**Course : M.Sc.-Microbiology**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) એક એસોસિયેટ પ્રોફેસરની ભરતી કરવી. | એક એસોસિયેટ પ્રોફેસરની ભરતી કરવામાં આવશે. |
| (૨) ડબલ બીમ સ્પેકટ્રોમીટર ખરીદવું | ડબલ બીમ સ્પેકટ્રોમીટર ખરીદવામાં આવ્યું છે. |

| | |
|---|---|
| (૩) યુનિવર્સિટી દ્વારા અન્ય જે કોઈ શરત મૂકવામાં આવે તે. | યુનિવર્સિટી અન્ય જે કોઈ શરતો મુકે તે પરિપૂર્ણ કરવામાં આવશે. |

**Course : M.Sc.-Chemistry**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) એક ફુલ ટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી. | એક અફુલ ટાઈમ અધ્યાપકની નિમણૂંક માટે Net Pass એક પૂર્ણ કાયમી સમયના અધ્યાપકની પસંદગી થઈ ગઈ છે. |
| (૨) Physical Chemistry Practical ના જરૂરી સાધનોની ખરીદી કરવી. | Physical Chemistry Practical ના જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવી છે. |
| (૩) લેબ આસીસ્ટન્ટની કાયમી નિમણૂંક કરવી. | લેબ આસીસ્ટન્ટની કાયમી નિમણૂંક કરવામાં આવી છે. |
| (૪) પટાવાળાની નિમણૂંક કરવી. | પટાવાળાની નિમણૂંક કરવામાં આવી છે. |
| (૫) જરૂરી જર્નલની લાયબ્રેરીમાં વ્યવસ્થા કરવી. | જરૂરી જર્નલની લાયબ્રેરીમાં વ્યવસ્થા કરવામાં આવી છે. |
| (૬) યુનિવર્સિટી અન્ય જે કોઈ શરતો મૂકે તે પરિપૂર્ણ કરવી. | યુનિવર્સિટી અન્ય જે કોઈ શરતો મૂકે તે પરિપૂર્ણ કરવામાં આવશે. |
| (૭) એક એસો. પ્રોફેસરની નિમણૂંક કરવી. | આચાર્ય પોતે કેમેસ્ટ્રી વિષયના પ્રોફેસર છે. |
| (૮) Documents selected to undisputed ownership and possession of land mesuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas. | The trust has undisputed ownership and possession of land. The documents are attached herewith. |

**College : M.K. Institute of Computer Studies, Bharuch**
**Course : M.Sc.-Computer Application**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) આચાર્યની નિમણૂંક સત્વરે કરવામાં આવે. | અમારી કોલેજ ફક્ત બીસીએ તથા એમ.એસસી. (કોમ્પ્યુટર એપ્લીકેશન) નો જ અભ્યાસક્રમ આપે છે. આ માટે નિયમ મુજબ કોમ્પ્યુટર સાયન્સમાં PhD ની પદવી ધરાવતા લાયક ઉમેદવાર રેગ્યુલર પ્રિન્સીપાલ તરીકે નિમણૂંક આપી શકાય. અમોએ આ અંગે વખતો વખત ઘનિષ્ઠ પ્રયત્નો કરેલ છે પરંતુ એકપણ લાયકાત ધરાવતા ઉમેદવારની અરજી મળેલ નથી. |
| (૨) ૦૧ Associate Professor ની નિમણૂંકની પ્રક્રિયા પૂર્ન કરી સત્વરે તેની નિમણૂંક કરવામાં આવે. | Associate Professor નિમણૂંક માટે PhD ની પદવી ધરાવતા અને ૧૦ વર્ષનો અનુભવ ધરાવતો લાયક ઉમેદવાર મળેલ નથી. |
| (૩) જરૂરી લાયસન્સ સોફ્ટવેરો ખરીદવા. | જરૂરીયાત મુજબન સોફ્ટવેરો ખરીદેલા જ છે. |
| (૪) વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક અને રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું. | વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક અને રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. |
| (૫) યુનિવર્સિટીના વખતોવખત આવતા નિયમોનું પાલન કરવામાં આવે. | યુનિવર્સિટીના વખતોવખત આવતા નિયમોનું પાલન કરવામાં આવે છે. |

**College : B.K.M. Science College, Valsad**
**Course : M.Sc.-Mathematics**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) એમ.એસસી. (મેથેમેટીકસ) સેમેસ્ટર ૧–૨ માં ભણાવવા માટે એક કાયમી અધ્યાપકની નિમણૂંક કરવી. | એમ.એસસી. મેથ્સ માટે એક કાયમી અધ્યાપક શ્રી નવીનકુમાર યાદવની નિમણૂંક કરેલ છે તેઓ ફરજ પર હાજર થયેલ છે અને હાલમાં કોલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કરે છે. જે અંગે આ સાથે ત્રણ પુરાવા મોકલું છું. (૧) શ્રી નવીનકુમાર યાદવનો મંડળનો નિમણૂંક પત્ર (૨) શ્રી નવીનકુમાર યાદવ ફરજ પર હાજર થયા છે તેનો પત્ર (૩) શ્રી નવીનકુમાર યાદવની નિમણૂંકને માન્યતા આપવા અંગે યુનિવર્સિટીનો પત્ર |
| (૨) યુનિવર્સિટીના 69-A અને 69-B નું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે. | કોલેજ દ્વારા યુનિવર્સિટીના 69-A અને 69-B નું પાલન કરવામાં આવે છે. |
| (૩) મેથેમેટીકસ વિભાગમાં એક કલાર્ક અને એક પટાવાળાની વ્યવસ્થા કરવી. | મેથેમેટીકસ વિભાગમાં એક કલાર્ક તથા એક પટાવાળા (સેવક) ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

**College : K.B.S. Commerce & Natraj Professional Sciences College, Vapi**
**Course : M.Sc.-Microbiology**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) આચાર્યની નિમણૂંક કરવી. | હાલમાં ઈ.ચા. આચાર્ય કાર્યરત છે. કાયમી આચાર્યની નિમણૂંક કરવામાં આવશે. |
| (૨) માઈક્રોબાયોલોજી વિષયના (૧) એસોસીયેટ પ્રોફેસર / પ્રોફેસરની નિમણૂંક કરવાની રહેશે. | એસોસીએટ પ્રોફેસર / પ્રોફેસરની નિમણૂંક માટે જાહેરાત આપી હતી પરંતુ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ન હોવાથી મદદનીશ પ્રોફેસરની નિમણૂંક કરવામાં આવી હતી જે ઉમેદવાર પણ હાજર ન થતા આ શૈક્ષણિક વર્ષમાં જરૂરી સ્ટાફની ભરતી કરવામાં આવશે. |
| (૩) યુનિવર્સિટીની વિવિધ ફી બંને સત્રોમાં સમયસર ભરવામાં આવે અને પાછલા વર્ષોની બાકી ફી યુનિવર્સિટી જે શરતો મૂકે તે શરતોને આધીન ચૂકવણી કરવાની રહેશે. | યુનિવર્સિટીની તમામ ફી ભરપાઈ કરવામાં આવી છે. |
| (૪) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A અને 69-B નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે. | યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A તથા 69-B નિયમોનું મેનેજમેન્ટની ક્ષમતા મુજબ પાલન કરવામાં આવે છે. |

**<u>College</u> : Surat Raktdan Kendra and Research Centre, Surat**
**<u>Course</u> : PGDMLT**

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) એક મેડિકલ ટેકનોલોજીમાં યુનિવર્સિટીમાં યુનિવર્સિટી માન્ય આસી. પ્રોફેસરની નિમણૂંક કરવી. | ડો. રીંકુ વિશાલ શુકલ આસી. પ્રોફેસરની યુનિવર્સિટીની તા.૨૦–૯–૨૦૧૬ ના પત્રથી મળેલ માન્યતા અનુસાર નિમણૂંક કરવામાં આવેલ છે. |
| (૨) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A અને 69-B સંપૂર્ણપણે પાલન કરવું. | યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A અને 69-B સંપૂર્ણપણે પાલન કરવામાં આવે છે. |

**<u>College</u> : Sir K.P. College of Commerce, Surat**
**<u>Course</u> : M.Com. *(5 years integrated)***

| સ્થાનિક તપાસ સમિતિની શરતો | શરતોની સ્પષ્ટતા / પૂર્તતા |
|---|---|
| (૧) એકાઉન્ટન્સી / કોમર્સ માં ત્રણ કાયમી અધ્યાપકોની નિમણૂંક કરવી. | એકાઉન્ટન્સી / કોમર્સ માં ત્રણ કાયમી અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવી છે. |
| (૨) સ્ટેટીસ્ટીકસ વિષયમાં ૧૨ પિરીયડનો વર્કલોડ હોવાથી એક અધ્યાપકની નિમણૂંક કરવી. | સ્ટેટીસ્ટીકસ વિષયમાં ૧ પાર્ટ ટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવામાં આવી છે. |
| (૩) મર્કન્ટાઈલ લો વિષયમાં ૧૨ પિરીયડનો વર્કલોડ હોવાથી એક અધ્યાપકની નિમણૂંક કરવી. | મર્કન્ટાઈલ લો વિષયમાં ૧ પાર્ટ ટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવામાં આવી છે. |
| (૪) શારીરિક શિક્ષણના એક અધ્યાપકની નિમણૂંક કરવી. | M.Com. *(5 years integrated)* વધારાનું ડીવીઝન છે. સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં ફૂલ ટાઈમ શારીરિક શિક્ષણના અધ્યાપક છે. |
| (૫) યુનિવર્સિટી ઓર્ડિનન્સ 69 A & B નો અમલ કરવો. | યુનિવર્સિટી ઓર્ડિનન્સ 69 A & B નો અમલ કરવામાં આવે છે. |
| (૬) યુનિવર્સિટી દ્વારા આયોજીત રમત ગમતની હરિફાઈઓમાં ભાગ લેવામાં આવતો નથી હવે પછી ભાગ લે તે માટે પ્રયત્ન કરવા. | યુનિવર્સિટી દ્વારા આયોજીત રમત ગમતની હરિફાઈઓમાં ભાગ લેવામાં આવે છે. |
| (૭) યુનિવર્સિટી માન્ય અધ્યાપકોને ૧૮ ને બદલે ૨૧ પીરિયડ આપવામાં આવે છે. આવતા વર્ષથી નિયમોનુસાર પીરિયડ આપવા. | યુનિવર્સિટી માન્ય અધ્યાપકોને નિયમોનુસાર પીરિયડ આપવામાં આવશે. |
| (૮) એમ.કોમ. ઈન્ટીગ્રેટેડ / અધ્યાપકોની સેવા વિદ્યાર્થી સંઘની વિવિધ કમિટીઓમાં લઈ શકાય. | M.Com. *(5 years integrated)* ના અધ્યાપકોની સેવા વિદ્યાર્થી સંઘની વિવિધ કમિટીઓમાં લેવામાં આવે છે. |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે યુનિવર્સિટીએ અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવવાની મંજૂરી આપેલ કોલેજો / ઈન્સ્ટીટયૂટોને સ્થાનિક તપાસ સમિતિની શરતોનું યર્થાથ પરિપાલન કરવા જાણ કરવામાં આવેલ હતી. તે પૈકી ઉપરોકત દર્શાવેલ કોલેજો / ઈન્સ્ટીટયૂટે સ્થાનિક તપાસ સમિતિની શરતોનું યર્થાથ પરિપાલન કરવામાં આવ્યું છે તે અંગેના અહેવાલો સ્વીકારવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજો પૈકી જયાં એસોસીયેટ પ્રોફેસર/ પ્રોફેસરની નિમણૂંક થયાની સ્પષ્ટતા ન હોય તો તેવી કોલેજોને ઓછામાં ઓછા ૦૧ એસોસીયેટ પ્રોફેસર/ પ્રોફેસરની નિમણૂંક કરવા તાકીદ કરવી. તદ્ઉપરાંત અનુસ્નાતક અભ્યાસક્રમોના જોડાણ અરજીના ફોર્મમાં એસોસીયેટ પ્રોફેસર, પ્રોફેસરનો સ્પષ્ટ ઉલ્લેખ કરાવવો.**

૫. એસસી/એસટી સેલની સ્ટેન્ડીગ કમિટિની તા.૨૯/૦૯/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(એસસી/એસટી.સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસસી/એસટી સેલની સ્ટેન્ડીંગ કમિટિની તા.૨૯/૦૯/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લેવામાં આવે છે.**

૬. યુનિવર્સિટી કેમ્પસમાં જે તે ડિપાર્ટમેન્ટમાં ચાલતાં અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમોના સરળ સંચાલન માટેનાં સિન્ડિકેટની તા.૧૩/૧૨/૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ૩૮ અન્વયે શૈક્ષણિક વર્ષઃ૨૦૦૭–૨૦૦૮થી મંજુર કરેલ હોય, જે સંદર્ભમાં **Executive Committee**માં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે.

**Executive Committee (EC)**

1. Vice-Chancellor (or his nominee) as Chairperson ;
2. Head of the Department / Hon. Director/ Director ;
3. Coordinator of the Programmer; (If the Head / Director happens to be Coordinator, then a senior faculty member shall be nominated by the Vice-Chancellor in the committee );
4. Registrar (or his nominee not below the rank of Dy. Registrar);
5. One Member from Academic Council;
6. One Member from Syndicate.

અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમોની Executive Committeeની કાર્યવાહી અનુસ્નાતક વિભાગ દ્વારા તથા સ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમોની **Executive Committee** અંગેની કાર્યવાહી એકેડેમિક વિભાગ દ્વારા કરવામાં આવે છે.

સ્નાતક/અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમોની ઉપરોકત **Executive Committee**ના સભ્યોની યાદીમાં **Pro. Vice-Chancellor**નો સમાવેશ થતો ન હોય, **Executive Committee**ના ઉપરોકત સભ્યો ઉપરાંત યુનિવર્સિટીના **Pro.Vice-Chancellor** નો સમાવેશ કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક/શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં જે તે ડિપાર્ટમેન્ટમાં ચાલતાં અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમોના સરળ સંચાલન માટેનાં સિન્ડિકેટની તા.૧૩/૧૨/૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ૩૮ અન્વયે શૈક્ષણિક વર્ષઃ૨૦૦૭–૨૦૦૮થી મંજુર કરેલ હોય, જે સંદર્ભમાં Executive Committeeમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવો.**

**Executive Committee (EC)**

1. Vice-Chancellor (or his nominee)
2. Pro-Vice-Chancellor
3. Head of the Department / Hon. Director/ Director ;
4. Coordinator of the Programmer; (If the Head / Director happens to be Coordinator, then a senior faculty member shall be nominated by the Vice-Chancellor in the committee );
5. Registrar (or his nominee not below the rank of Dy. Registrar);
6. One Member from Academic Council;
7. One Member from Syndicate.

In the absence of Vice-Chancellor, Pro-Vice-Chancellor will chair the committee.

In the absence of Vice-Chancellor and Pro-Vice-Chancellor both Head of the Department / Hon. Director/ Director will chair the Committee.

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચાલતા તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં EC બનાવવી.**

૭. યુનિવર્સિટીના **B.Arch.** સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટર તથા એસોસીયેટ પ્રોફેસર શ્રી શીવરાવ ચન્નપટ્ટમના તા.૦૫/૧૦/૨૦૧૬થી નાણાંકીય વ્યવહાર (Signing Authority) માંથી મુકત કરવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટર તથા એસોસીયેટ પ્રોફેસર શ્રી શીવરાવ ચન્નપટ્ટમના તા.૦૫/૧૦/૨૦૧૬થી નાણાંકીય વ્યવહાર (Signing Authority) માંથી મુકત કરવા અંગેની વિનંતી ગ્રાહ્ય રાખવી નહીં.**

૮. યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝેશન અંગે મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રમોટેડ કંપની Maharashtra Knowledge Corporation Limited (MKCL)ની દરખાસ્ત તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાશ્રી, ડૉ.અપૂર્વ દેસાઈના પત્ર ક્રમાંક : કોમ્પ્યુટર સાયન્સ/૩૮૦૦/૨૦૧૬, તા.૨૭/૦૭/૨૦૧૬ અંતર્ગત Gujarat State Petroleum Corporation Ltd. (Government of Gujarat Undertaking)ની Group Company Guj. Info Petro Ltd (GIPL)ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝેશન અંગે મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રમોટેડ કંપની** Maharashtra Knowledge Corporation Limited (MKCL)**ની દરખાસ્ત તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાશ્રી, ડૉ.અપૂર્વ દેસાઈના પત્ર ક્રમાંક : કોમ્પ્યુટર સાયન્સ/૩૮૦૦બ૨૦૧૬, તા.૨૭/૦૭/૨૦૧૬ અંતર્ગત** Gujarat State Petroleum Corporation Ltd. (Government of Gujarat Undertaking)**ની** Group Company Guj. Info Petro Ltd (GIPL)**ની દરખાસ્ત અન્વયે BASIL નો પણ સમાવેશ કરી જયાં સોફટવેર ચાલતું હોઈ ત્યાં સિન્ડિકેટના સભ્યશ્રીઓએ રૂબરૂ જોવા જઈ અહેવાલ તૈયાર કરવો.**

૯. યુનિવર્સિટીના M.Com. સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ.વી.ડી.નાયકના કો–ઓર્ડિનેટર તરીકેની જવાબદારીમાંથી મુકત કરવા અંગેના તા.૧૪/૧૦/૨૦૧૬ના પત્ર પર વિચારણા કરવા બાબત....

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના** M.Com. **સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. વી.ડી. નાયકના કો–ઓર્ડિનેટર તરીકેની જવાબદારીમાંથી મુકત કરવા અંગેના તા.૧૪/૧૦/૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી તથા કો–ઓર્ડિનેટર તરીકે ડૉ.આર.ડી. પટેલ તથા કો–કોઓર્ડિનેટર તરીકે આચાર્ય ડૉ.વી. ડી. નાયકની નિમણૂંક કરવી.**

૧૦. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગર ધ્વારા આગામી સમયમાં યુનિવર્સિટી ખાતે વહીવટી કર્મચારીઓની ખાલી પડેલ વિવિધ જગ્યાઓ ભરવા મંજૂરી આવવાની હોઈ તે જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો/ R R નિયત કરવા અંગે સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગર ધ્વારા આગામી સમયમાં યુનિવર્સિટી ખાતે વહીવટી કર્મચારીઓની ખાલી પડેલ વિવિધ જગ્યાઓ ભરવા મંજૂરી આવવાની હોઈ તે જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો/ R R નિયત કરવા અંગે નીચે મુજબ સમિતિ બનાવવી.**

**(૧) આચાર્ય ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ**

**(૨) ડૉ. રાકેશ એન. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) આચાર્ય ડૉ. વી.ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૪) શ્રી પરેશભાઈ આર. પટેલ(સિન્ડિકેટ સભ્યશ્રી)**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની કોમ્પ્યૂટર સેન્ટરની સિસ્ટીમ ઈજનેર અને ૦૨ (બે) પ્રોગ્રામરની જગ્યા લેપ્સ થયેલ છે તેને ફરી પાછી મેળવવા અંગે સરકારશ્રીને વિનંતી કરવી.**

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં (૧)શ્રી ડી. કે. પટેલ, પ્રોજેકટ ઓફિસર(૨) ડો.રોમાન ભાટીયા, પ્રોજેકટ ઓફિસર અને ડો.એ.એન.માલવીયા, આસીસ્ટન્ટ ડાયરેકટરના તા.૧૪–૧૦– ૨૦૧૬ ના પત્રથી સામેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબર:૫૦૩૮ વર્ષ ૨૦૦૩નાં તારીખ ૨૮/૦૯/૨૦૧૬નાં ચુકાદા ને અનુલક્ષીને છઠ્ઠા પગારપંચના લાભ એરીયર્સ સહિત ચુકવવા અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.....

<u>નોંધ:</u>–યુનિવર્સિટી કાર્યાલયમાં નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં (૧)શ્રી ડી. કે. પટેલ, પ્રોજેકટ ઓફિસર(૨) ડો.રોમાન ભાટીયા, પ્રોજેકટ ઓફિસર અને (૩) ડો. એ. એન. માલવીયા, આસીસ્ટન્ટ ડાયરેકટરના કિસ્સામાં તેઓની નાણાંકીય જવાબદારી યુનિવર્સિટીએ સ્વીકારી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચુકવવા અંગેના પત્ર સંદર્ભે સિન્ડિકેટ તા.૧૯–૫–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક (૯) થી પુન:વિચારણા કરી રાજય સરકારને જવાબદારી સ્વીકારવા વિનંતી કરતાં રાજય સરકારશ્રીએ આર્થિક જવાબદારી સ્વીકારી શકે તેમ નથી તેમ જણાવેલ, જે અંગે સિનીયર એડવોકેટ, શ્રી ધવલ સી. દવેના તા.૨૪–૧૧–૨૦૧૫ના અભિપ્રાયને સિન્ડિકેટ તા.૨૪–૧૧–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક (૨૫) અને (૪૮)થી અભિપ્રાય મુજબ આગળની કાર્યવાહી કરવા ઠરાવેલ જે સંદર્ભે રાજય સરકારશ્રીના પત્રને પડકારવા નામદાર હાઈકોર્ટની કાર્યવાહી કરવા એડવોકેટશ્રી અવિનાશ ઠકકરના તા.૧૬–૪–૧૬ના ઈ–મેલ અંતર્ગત સિન્ડિકેટ તા.૧૩–૫ –૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦૦) થી ઠરાવ્યાનુસાર ત્રણેય અરજદારોને સાંભળવા ડો.અપૂર્વ એ. દેસાઈ અને ડો.રાકેશ દેસાઈની રચવામાં આવેલ કમિટિના તા૩૧–૮–૨૦૧૬ની સભાનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં (૧) શ્રી ડી. કે. પટેલ, પ્રોજેકટ ઓફિસર, (૨) ડો. રોમાન ભાટીયા, પ્રોજેકટ ઓફિસર અને ડો.એ.એન.માલવીયા, આસીસ્ટન્ટ ડાયરેકટરના તા.૧૪–૧૦ –૨૦૧૬ના પત્રથી સામેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબરઃ ૫૦૩૮ વર્ષ ૨૦૦૩નાં તારીખ ૨૮/૦૯/૨૦૧૬નાં ચુકાદાને અનુલક્ષીને આગળની કાર્યવાહી કરવી તથા સરકારશ્રીને વખતો–વખત જાણ કરવી.**

૧૨. **ડીપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટના ઈ. ચા. વડાશ્રી ધ્વારા તેના તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૧૬ના પત્ર ક્રમાંક:MBA/SFI/594/2016થી ફી રેગ્યુલરેટરી કમિતિ (ટેકનીકલ) ધ્વારા તેમના તા.૨૯–૮–૨૦૧૬ના પત્ર ક્રમાંક:FRC/FEE-16-17/2016/140 થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાનની એમ. બી. એ.( સ્વનિર્ભર) અભ્યાસક્રમની ફી રૂા.૬૫૦૦૦/– અને કોમપ્યુટર સાયન્સ વિભાગમાં ચાલતા એમ. સી. એ. (સ્વનિર્ભર) અભ્યાસક્રમની ફી રૂા.૫૦૦૦૦/– પ્રતિ વર્ષ મંજુર કરેલ છે. કમિતિના પત્રમાં જણાવ્યા મુજબ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ કોર્ષ પુર્ણ કરે ત્યાં સુધીના સમય માટે અમલી હોય, ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓની ફી મંજુર થયા મુજબ સ્વીકારવાની જાણ કરવા સારૂ.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.**

૧૩. યુનિવર્સિટીના સાયન્સ બિલ્ડીગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા અને ફરજ મોકુફી હેઠળ મુકાયેલ (Suspended) સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાનું તા.૨૦/૯/૨૦૧૬ના રોજ અવસાન થયેલ હોય, તેમના ધર્મપત્ની શ્રીમતી દક્ષાબેન દિપકભાઇ વાઘેલાએ તા.૧૦/૧૦/૨૦૧૬ની અલગ અલગ અરજીઓથી સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાની યુનિવર્સિટી ખાતેથી નીકળતી નાણાંકીય રકમ હકક રજા, પ્રોવિડન્ટ ફંડ, પેન્શન, ગ્રેજ્યુઇટી તથા અન્ય તમામ રકમ તેમજ સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાની નોકરી નિયમિત કરીને તેમને છઠ્ઠા પગારનો લાભ આપવાનો બાકી રહેતો હોય તેને નિયમિત કરાવીને પગાર / પેન્શન વારસદારના પત્ની દક્ષાબેન દિપકભાઇ વાઘેલાને ચુકવવા વિનંતી કરેલ છે.

જે અંતર્ગત ગુજરાત સરકારના નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સફગ-૧૦૨૦૦૦-૧૭૨૦-ચ, તા.૮/૧૧/૨૦૦૦ અને નાણાં વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : નવત/૧૧૦૬/ઓ-૧૫૮૦/પી, તા.૯/૧૦/૨૦૦૬ અંતર્ગત સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાની યુનિવર્સિટી સેવામાંથી ફરજમોકુફીની તા.૧/૭/૨૦૦૩થી તેઓના અવસાન તા.૨૦/૯/૨૦૧૬ સુધીના ફરજમોકુફી હેઠળના સમયગાળાને નિયમાનુસાર વિનિયમિત કરી નિયમોનુસાર લાભો આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ :

(૧) સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાની યુનિવર્સિટીની એફ.વાય.બી.કોમ.ની પરીક્ષાની બોગસ માર્કશીટના પ્રકરણમાં યુનિવર્સિટી સિન્ડિકેટની તા.૧૯/૧૨/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક:૪૪ સંદર્ભે યુનિવર્સિટી દ્વારા રાહુલ વિનુભાઇ પટેલ, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત વિરૂધ્ધ રાંદેર પોલીસ સ્ટેશન, સુરત ખાતે નોંધાવવામાં આવેલ ફરિયાદ ક્રમાંક : ગુ.ર.નં.૩૧૯/૨/IPC/૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબની ફરિયાદના સંદર્ભમાં સદર પોલીસ સ્ટેશન દ્વારા ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમ્યાન પોલીસ ઈન્સ્પેકટર, રાંદેરના તા.૧૨/૬/૨૦૦૩ના રોજ યુનિવર્સિટી કાર્યાલયને લખાયેલ પત્રમાં જણાવ્યાનુસાર, શ્રી દિપક એલ. વાઘેલા કોગ્નીઝીબલ ગુનામાં સંડોવાયેલા હોવાથી તેમની તા.૨૬/૪/૨૦૦૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને તા.૨૯/૪/૨૦૦૩ના રોજ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા.

(૨) જે સંદર્ભે શ્રી દિપક એલ. વાઘેલા યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારી હોય, નિયમાનુસાર યુનિવર્સિટી કાર્યાલયના કાર્યાલય આદેશ ક્રમાંક:જન/એસ્ટા/૫૬૧૧/૨૦૦૩, તા.૧/૭/૨૦૦૩થી તા.૧/૭/૨૦૦૩ના દિવસથી તેઓને યુનિવર્સિટીની સેવામાંથી ફરજ મોકુફ કરવામાં આવેલ છે. સદર વિગતો અવલોકનમાં લઇ તેઓ તા.૧/૭/૨૦૦૩ થી સતત યુનિવર્સિટીની સેવામાંથી ફરજમોકુફી હેઠળ છે. તેમજ નિયમાનુસાર તેઓને તા.૨૦/૯/૨૦૧૬ સુધી નિર્વાહ ભથ્થુ ચુકવવામાં આવેલ છે.

(૩) સિન્ડિકેટની તા.૯/૧૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક:૨૯ અંતર્ગત શ્રી દિપક એલ.વાઘેલા તા.૧/૭/૨૦૦૩ના દિવસથી યુનિવર્સિટીની સેવામાંથી ફરજ મોકુફી હેઠળ હોય તેમના કિસ્સામાં ખાતાકીય તપાસ અંગે (૧) ડૉ.ઘનશ્યામભાઇ દિનેશચંદ્ર રાવલ (સિન્ડિકેટ સભ્યશ્રી), (૨) એડવોકેટ શ્રી હેમંતભાઇ એમ.દેસાઇ, (૩) ડૉ.જે.ટી.દેસાઇ, આચાર્યશ્રી, શાહ કે. એમ. લૉ કોલેજ, વલસાડની સમિતિ નીમવામાં આવેલ છે.]

- બિડાણ :

(૧) સ્વ.શ્રી દિપકભાઇ એલ.વાઘેલાની ધર્મપત્ની શ્રીમતી દક્ષાબેન ડી. વાઘેલાની તા.૧૦/૧૦/૨૦૧૬ની બે અરજીઓ.

(૨) સ્વ.શ્રી દિપકભાઇ એલ.વાઘેલાનું સુરત મહાનગર પાલિકા, ગુજરાત સરકાર, જાહેર આરોગ્ય વિભાગનું મરણનું પ્રમાણપત્ર.

(૩) ગુજરાત સરકારના નાણાં વિભાગ, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : સફગ-૧૦૨૦૦૦-૧૭૨૦-ચ, તા.૮/૧૧/૨૦૦૦.

(૪) ગુજરાત સરકારના નાણાં વિભાગ, ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક : નવત/૧૧૦૬/ઓ-૧૫૮૦/પી, તા.૯/૧૦/૨૦૦૬.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટીના સાયન્સ બિલ્ડીગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા અને ફરજ મોકુફી હેઠળ મુકાયેલ (**Suspended**) સ્વ.શ્રી દિપકભાઇ લલ્લુભાઇ વાઘેલાનું તા.૨૦/૯/૨૦૧૬ના રોજ અવસાન થયેલ હોય, તેમના ધર્મપત્ની શ્રીમતી દક્ષાબેન દિપકભાઇ વાઘેલા**ની અરજી અન્વયે સરકારશ્રીના જી.સી.એસ.આર.ના નિયમોનુસાર કાર્યવાહી કરવી.**

૧૪. સિન્ડિકેટની તા.૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૪થી યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિએ મંજૂર થયેલ 'આખરી પ્રવરતાયાદી' મંજૂર થયેલ અને જી.સી.એસ.આર.ના નિયમાનુસાર પ્રમોશન આપવા ઠરાવેલ છે. વધુમાં વખતો વખત માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિની આખરી પ્રવરતાયાદીમાં સુધારો કર્યા બાદની છેવટની તા.૧૪/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓની 'કામચલાઉ અદ્યતન પ્રવરતા યાદી' મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વયમર્યાદાને કારણે ખાલી વિવિધ બિનશૈક્ષણિક જગ્યાઓ પૈકીની બઢતીપાત્ર જગ્યાઓ પર તેમજ તા.૩૧/૧૦/૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ વયમર્યાદાને કારણે નિવૃત્તિને કારણે ખાલી પડનાર વિવિધ જગ્યાઓ ઉપર યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને બઢતી આપવા અંગે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૦ સંદર્ભે કુલસચિવની અધ્યક્ષતા હેઠળ નિયુકત બઢતી અંગેની પસંદગી સમિતિએ તા.૨૮/૧૦/૨૦૧૬ની રજુ કરેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત હાલ મુલતવી રાખવી.**

૧૫. બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૧૬–૦૮–૨૦૧૬ના રોજ મળેલી સભાની તમામ કાર્યવાહીની ભલામણ પર સિન્ડિકેટ તેની તા.૭/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંકઃ૧૬થી બોર્ડ ઓફ સ્પોર્ટસની સભાઓની તમામ કાર્યવાહીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૧૬–૦૮–૨૦૧૬ના રોજ મળેલી સભાની તમામ કાર્યવાહીની ભલામણ પર સિન્ડિકેટ તેની તા.૭/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંકઃ૧૬થી બોર્ડ ઓફ સ્પોર્ટસની સભાઓની તમામ કાર્યવાહીની ભલામણો પરિશિષ્ટઃ"ક"માં દર્શાવ્યા મુજબ સ્વીકારવી અને આગળની જરૂરી કાર્યવાહી કરવી.**

**(પરિશિષ્ટઃ" ક ")**

૧૬. તા.૮/૯/૨૦૧૬નાં રોજ વી. બી. શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી મુકામે બોક્ષીંગની આંતર કોલેજ સ્પર્ધા અને આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ, વરિયાવ કોલેજનો વિદ્યાર્થી શ્રી કિશન રમેશભાઈ ગજેરા સ્પર્ધાબાદ આકસ્મિક બેભાન થઈ ગયો હતો. જેથી તેને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. જયાં તા.૧૧/૦૯/૨૦૧૬નાં રોજ સારવાર દરમ્યાન તેનું અવસાન થયેલ હતું. વિદ્યાર્થીના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી સદર વિદ્યાર્થીને યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય કરવા માટે સિન્ડિકેટે તેની તા.૭/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંકઃ૧૩થી ઠરાવવામાં આવ્યું છે કે સદર વિદ્યાર્થીના પરિવારને આર્થિક સહાય આપવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી હતી. મા.કુલપતિશ્રીએ રૂા.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) સહાય કરવા મંજૂર કરેલ હોય તેની પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.**

૧૭. તા.:૦૧–૧૦–૨૦૧૬ના રોજની નાંણા સમિતિની બાબત ક્રમાંકઃ ૦૮ સિન્ડિકેટની તા.૧૮–૧૦–૨૦૧૬ના રોજની સભા સમક્ષ બાબત ક્રમાંક : ૧૭ થી વિચારણા કરવા રજૂ કરવામાં આવેલ હતી પરંતુ આ બાબતો મૂલતવી રહેલ હોય જેની ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મંજૂર કરવામાં આવે છે તથા બાબત ક્રમાંકઃ ૨, ૬ અને ૧૭નો ખર્ચ RUSA ગ્રાન્ટમાંથી અથવા અન્ય ગ્રાન્ટમાંથી ફાળવણી કરવી અને જો તેમ ન થઈ શકે તો સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાંથી ફાળવવું. ઉપરાંત બાબત ક્રમાંકઃ ૧૭માં હ્યુમેનીટીઝ બિલ્ડીંગ પાંચ માળનું બનાવવું તથા આરોગ્ય કેન્દ્રમાં સેવા આપતા મેડીકલ ઓફિસરને માસિક વેતન રૂા.૨૫,૦૦૦/– મંજૂર કરવું.**

૧૮. સિન્ડિકેટ તા.૧૯/૦૫/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૫થી નિયુકત તપાસ સમિતિનો અહેવાલ સિન્ડિકેટની તા.૦૬/૦૨/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક ૬થી ખાતાકીય તપાસ ચાલુ રહે ત્યાં સુધી યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર, ડો.કૈલાસ પી. પટેલને તા.૮–૨–૨૦૧૬થી ફરજ મોકુફ કરવામાં આવેલ હતાં. તેઓના વિભાગના વિદ્યાર્થીઓના સંશોધન કાર્ય અને તેઓને મળેલ રીસર્ચ પ્રોજેકટને લગતી વહીવટી અને શૈક્ષણિક કામગીરી કરવા તેણીએ તા.૧૧–૮–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી/અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર, ડો.કૈલાસ પી. પટેલના તા.૧૧–૮–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તથા તેમના માર્ગદર્શન હેઠળ કાર્ય કરતા વિદ્યાર્થીઓને અગાઉ RSC એ ઠરાવ્યા મુજબ અન્ય માર્ગદર્શક શિક્ષકોને ફાળવેલ છે તે મુજબ કાર્યવાહી કરવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **ઈન્ચાર્જ કુલસચિવ**
ક્રમાંક : એસ–૧ (૧)/૧૯૨૯૬/૨૦૧૬.
તા.૧૦–૧૧–૨૦૧૬.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......